સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

કીર્તિના શિખરે બેઠા છે, ખેદની ખીણમાં નાખશે,
શાંતિના સ્વર્ગમાં બેઠા છે, નર્કની ગર્તામાં નાખશે.
નાખશે પાપ-તાપ-સંતાપમાં બચ્ચનને પણ -
વેપારના શાંત સરોવરમાં 'એ' પથ્થરો નાખશે...
(હવે GSTનો અમિતાભ પ્રચાર કરશે)

હાઈકુ

શુભેચ્છા સૌને -
ને આનંદ ઈદનો -
મુબારક હો...

રમે જાનમાં,
પવિત્ર રમઝાને -
રૂહમાં રોજા...

ચિંતન

યસ્ય નાસ્તિ સ્વ્ય પ્રજ્ઞા શાસ્ત્ર તસ્ય કરોતિ કિમ ।
લોચનાભ્યા વિહીનસ્ય દર્પણ કિં કરિષ્યતિ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવાયેલ છે.

જેને સ્વયં બુદ્ધિ નથી એને માટે શાસ્ત્રો શું કરી શકે ? જે અંધ છે તેને માટે દર્પણ શું કરી શકે ?

ભણતર સાથે ગણતર જરૂરી અને મહત્ત્વનું છે. આજકાલ ડીગ્રીઓ તો બનાવટી વિદ્યાપીઠોમાં વેંચાતી મળે જ છે. એવા ડોકટરો ઈજનેરો માનવતાના દુશ્મન છે.

પોતાનામાં આવડત - બુદ્ધિ - કૌશલ્ય ન હોય તો 'ડીગ્રી' થી કંઈ મદદ મળતી નથી.

સુવિચાર

- માણસ જયારે 'પ્રેય' એટલે કે ગમતી વસ્તુ કે વ્યક્તિ તરફ આકર્ષાય છે ત્યારે 'શ્રેય' ને મહત્વ આપવાનું વિસરી જાય છે - **ચંદ્રકાન્ત મહેતા**
- કોઈ પણ સંબંધમાં કોઈ પણ વ્યક્તિને જો આપવા જેવી કોઈ ભેટ હોય તો એ છે, કાળજી-સંભાળ અને માન-આદર આ ભેટ બજારમાંથી નાણાં આપીને ખરીદી શકાતી નથી - **હેન્ડ્રી ફોર્ડ**
- રીલેક્સ ફીલ કરવા માટે પોતાની જવાબદારી જાતે જ લઈ લેવાની, કોઈ કારમો - બહાના બતાવવાના નહીં, કોઈ ઝંઝટ નહીં, કોઈ ખુલાસા નહીં બધુ બંધ - **સંજય ચોરાત**
- નીડરતા કે જે મોતના ડરથી મુક્ત કરે છે તે જ અમૃત છે - **અમૃતા પ્રિતમ**
- પાપ કરવું ફરજિયાત છે, પણ તેનું પરિણામ વેઠવું ફરજીયાત છે - **મકરંદ દવે**
- ખોટું શિક્ષણ અપાયેલું બાળક એ ખોવાયાલું બાળક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : આંબાનાં પાંદડાને બાળી તેનો ધૂમાડો લેવાથી હેડકી બંધ થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

સાધના દ્વારા નાની-મોટી સિદ્ધિ મળે જ છે પણ એનાથી લોભાઈ 'ભગવાન' જોઈ બેસી ન રહેવાય. સાધના નો કોઈ અંત નથી.

એકવાર એક શિષ્યે પોતાના ગુરુને પૂછ્યું, 'સાધનામાં સંતોષ જેવી કોઈ ચીજ છે ખરી?' ગુરુએ કહ્યું, 'એક પ્રસંગ કહું તેથી તને તારા સવાલનો જવાબ મળશે.' ગુરુએ પ્રસંગ કહ્યો. 'એક કઠિયારો લાકડા કાપી વેચીને માંડ માંડ ગુજરાન ચલાવતો હતો. એક દિવસ એક સંત તેને મળ્યા. સંતે ફક્ત એક જ વાક્ય કહ્યું, 'ભાઈ!!' આગળ જા.' બીજે દિવસે સંતના કહેવા પ્રમાણે કઠિયારો જરા આગળ ગયો અને એને મોટા વડ વાળા ઘણા વૃક્ષો મળ્યા. આમ તેને ગુજરાત ચલાવવામાં સરળતા થઈને વધુ પૈસા મળતા બચત પણ શરુ થઈ. વળી થોડાક દિવસ પછી સંતનું વાક્ય યાદ આવ્યું અને વળી આગળ જંગલમાં ગયો. ત્યાં તેને સુખડના ઘણા બધા વૃક્ષો મળ્યા. વળી થોડા દિવસ વધારે આગળ ગયો ત્યાં એને તાંબાની ખાણ મળી આવી. હવે તે ખૂબ પૈસાદાર બની ગયો.'

'ધર્મ ના માર્ગમાં પણ એવું જ છે. આગળ ને આગળ જાવ. સાધના કરતા કરતાં કોઈ આકાશ કે પ્રકાસ કે કોઈ સિદ્ધિ મળે તો તેનાથી ફુલાઈને માનવું નહિ કે મને બધું મળી ગયું છે.'

બાપુનાં કેસરિયાં કોને ફળશે

તંત્રીસ્થાનેથી...

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ગાંધીનગર ખાતે બોલાવેલી એમના સમર્થકોની સભા આગામી દિવસોમાં કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી - બેઉના રાજકીય ભવિષ્યને કંડારવામાં મહત્ત્વનો ભાગ ભજવશે. સમર્થકોએ શંકરસિંહ વાઘેલાને પોતાની સૂઝબૂઝ મુજબ આગળ વધવાનો છૂટો દોર આપ્યો છે. છેલ્લાં વીસ વરસથી કોંગ્રેસ સાથે વફાદારી પૂર્વક રહ્યા છતાં સતત અવગણના જ સહેવી પડતી હોય તો શંકરસિંહ વાઘેલા જેવા માસ લીટર માટે એવી પાર્ટી સાથે વધુ લાંબો વખત રહેવાનું સલાહભર્યું પણ ન ગણાય - એવો એક સૂર ખુદ એમના નિખાલસ પ્રવચનમાંથી નીકળે છે. વાઘેલાને ગુજરાતના લોકો 'બાપુ'ના હુલામણા નામે ઓળખે છે. વળી એમનું જૂનું જનસંઘી સરનામું પણ લોકો ભૂલ્યા નથી. ગુજરાતમાં જે કેસરિયા પાર્ટીની કોઈ છીંકણી નહોતું લેતું એને સત્તાસ્થાને પહોંચાડવામાં કેશુભાઈ પટેલ સાથે ખભેખભો મિલાવી દિવસરાત સંગઠનને મજબૂત કરવા માટે જહેમત ઉઠાવનાર શંકરસિંહ વાઘેલાનો પણ સિંહફાળો રહ્યો હતો તે હકીકત નકારી શકાય એમ નથી. આખરે કેશુભાઈ સાથેના મતભેદ પાછળ જે કંઈ રાજરમત રમાઈ હોય તે - પણ શંકરસિંહે કસમયે તલવાર તાણી અને એમની કારકિર્દી જોખમાઈ ગઈ. તેમ છતાં, આજે પણ ભારતીય જનતા પાર્ટીમા શંકરસિંહ વાઘેલા પ્રત્યે સમ્માનની લાગણી અકબંધ રહી છે, તે શું સૂચક નથી ? જોકે શંકરસિંહ વીસ વરસની લાંબી ઈનિંગ્સ કોંગ્રેસી ટીમના ખેલાડી તરીકે રમ્યા છે અને એ દરમિયાન એમણે પ્રદેશ પ્રમુખથી લઈ કેન્દ્રીય મંત્રી તથા વિપક્ષના નેતા જેવી મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. કોંગ્રેસને જૂથવાદનો એરુ આભડી ગયો છે, જેને કારણે આટલા લાંબા સહવાસ પછી પણ શંકરસિંહ જેવા વરિષ્ઠ નેતા પ્રત્યે અંદરખાને સૂગ પ્રવર્તતી રહી છે અને એમને સતત 'બહારના માણસ' ગણી સાઈડલાઈન કરવાના પ્રયાસો થતા રહ્યા છે. પાર્ટીના હાઈકમાન્ડને પણ આ પ્રકારની વૃત્તિ-પ્રવૃત્તિનો અહેસાસ થયો છે, તેવું ખુદ શંકરસિંહે રાહુલ ગાંધી સાથેની એમની મુલાકાતમાં થયેલા વાતચીતનો હવાલો આપી જણાવ્યું હતું. કોંગ્રેસની ઈલેકશન મોડસ ઓપરેન્ડી સામે બાપુને સખત વાંધો છે. કોંગ્રેસના હાઈકમાંડને તેઓ આ મુદ્દે સતત વાકેફ કરતા રહ્યા છે અને પદ્ધતિસરનું 'હોમવર્ક' કરીને જ ચૂંટણીજંગમાં ઊતરવાની સલાહ આપતા રહ્યા છે. પોતાની આ શાણી સલાહ હાઈકમાન્ડને માન્ય ન હોય તો પોતે જાણી જોઈને ખાડામાં પડવાનું પસંદ નહીં જ કરે, એમ કહીને શંકરસિંહ વાઘેલાએ એમનાં સંભવિત પગલાંનો આગોતરો સંકેત આપી દીધો છે. શંકરસિંહે અગાઉ કરેલી રજૂઆતો હાઈકમાન્ડ દ્વારા નકારાતી રહી છે, તેથી સ્વાભાવિક રીતે જ તેઓ પાર્ટીની નારાજ છે. એમની નારાજગી દૂર કરવા માટે વિવિધ સ્તરે પ્રયાસો કરતા રહ્યા છે, પરંતુ એ અધૂરાપધૂરા છે. છેલ્લે તેઓએ સોનિયા ગાંધીને મળીને પોતાની આ નારાજગી વ્યક્ત કરી છે, છતાં એમને કોઈ સાનુકૂળ પ્રતિસાદ નથી સાંપડ્યો. કેન્દ્ર સ્તરે પાર્ટીમાં સૌથી વગદાર નેતા અહમદ પટેલ છે, જેમણે બાપુને રાહુલ ગાંધી ઈટાલીથી પાછા ફરે ત્યાં સુધી ખમૈયા કરવાની સલાહ આપી હોય એ બનવાજોગ છે. પંરતુ શંકરસિંહ વાઘેલા માટે હવે પારોઠમાં પગલાં ભરવા શક્ય નથી. હાઈકમાન્ડ એમની બધી જ શરતો સ્વીકારવા જાય તો વિરોધી જૂથ નારાજ થાય એમ છે. આવા સંજોગોમાં છેલ્લે પાટલે બેઠેલા વાઘેલા માટે કદાચ કેસરિયાં કરવાનો જ વિકલ્પ બચે છે. જો બાપુ એમની પ્રવૃત્તિ મુજબ વધુ એક વાર વિઘાયક નિર્ણય કરશે તો એથી કોંગ્રેસને તો મોટું નુકશાન થશે જ; સાથે જ બાપુની કારકિર્દીનો પણ કરુણ રકાસ થવાની સંભાવના નકારી શકાય નહીં. ભાજપ તો બાપુ આવું કોઈ ઉતાવળિયું પગલું ભરે એની રાહ જ જોઈ રહ્યું છે!

સૌથી વધારે બનતો ગુન્હો ઈ હેકર્સ : સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

તમારા મોબાઈલ ઉપરથી અજાણ્યા ઈસમનો ફોન આવે અને પોતાની ઓળખાણ બેન્કના અધિકારીની આપી તમારા એકાઉન્ટની તથા ક્રેડીટ, ડેબીટ કાર્ડની વિગતો પૂછી વાત વાતમાં તમારો પીન નંબર બદલવા જણાવી તમારા કાર્ડના ગુપ્ત કોડના ૧ ૬ આંકડા જે ફક્ત તમેજ જાણતા હોવ તે રીપીટકરવા જણાવે તેમજ કાર્ડની પાછળના નંબર માંગતા ઘણા ભોળા તથા બેજવાબદાર લોકો તરત જ ફટાફટ પોતાના કાર્ડની વિગતો સાયબર ક્રાઈમ કરનાર માંગે તેમ આપવા માંડતા આંખના પલકારામાં કાર્ડ હેન્ક કરી પાસવર્ડ ચોરી કરી ઓનલાઈન તમારા જ ક્રેડીટ કે ડેબીટ કાર્ડથી ખરીદી કરે અથવા તો ખાતામાંથી ઈ ટ્રાઝેકશન દ્વારા નાણા ઉપાડી જાય ત્યારબાદ બેન્કમાંથી કે ઓન લાઈન શોપીંગ અંગેનો મેસેજ આવતા પોતે લૂંટાઈ ગયાની હકિક્ત જાણવા મળે ઘણા લોકો શરમના માર્યા કે મુર્ખા બન્યા તેમ છતું થશે તેવા વિચારથી જ આવી ફરીયાદ કરવાનું ટાળે છે તો કેટલાક લોકો ફરીયાદ કરવા જાય તો પોલીસ તેમનું મોરલ તોડી નાંખી ઉલટાના ધમકાવે છે કે તમો ઓટીપી કે કાર્ડ નંબર અજાણ્યા લોકોને આપી દો તેમાં પોલીસ શું કરીએ?

કેટલીક વખત આધાર કાર્ડ બેન્કના એકાઉન્ટમાં લીન્ક કરવાના બહાને વન ટાઈમ પાસવર્ડ માંગી લેવામાં આવે છે અને છેતરપીંડી આચરવામાં આવે છે આવો વેરીફીકેશનનો ફોન બેન્કમાંથી આવતો જ નથી સાયબર ક્રાઈમ કરનાર ખોટા નામે ફોન કરી ખાતાની વિગતો મેળવી ગુન્હા આચારતા હોય છે.

આ માટે કોઈ પણ વ્યક્તિ સાથે એટીએમ કે ક્રેડીટ, ડેબીટ કાર્ડના નંબરો કે કાર્ડની અંતિમ તારીખ કે કાર્ડની પાછળના ગુપ્ત નંબરની આપલે ના કરવી. ઓનલાઈન શોપીંગ કરવામાં આવે કે ટ્રાન્ઝેકશન કરવામાં આવે ત્યારે વન ટાઈમ પાસવર્ડ તમારા મોબાઈલ ફોન કે ઈ મેલ આઈડી મારફત આવે તે નંબર કોઈની સાથે શેર ના કરવો.

બેન્કના અધિકારી તરીકે ઓળખ આપી ફોન કરે તો તેની વાત સાચી ના માની બીજા ફોનથી બેન્કમાં ફોન કરી કન્ફમ કરવું જોઈએ અગર તો બેન્કમાં રૂબરૂ જ આવો ડેટા આપશે તેમ જણાવી ફોન ડીસકનેકટ કરવો.

પોતાની અંગત કે નાણાકિય માહિતી અજાણ્યા વ્યક્તિ સાથે કે ટેલીફોન ઉપર શેર ના કરવી જોઈએ પાસવર્ડ ના મેસેઝીસ અન્ય લોકોને ભૂલથી શેર ના કરવા જોઈએ યાદ રાખી આવા પાસવર્ડના મેસેઝીસનો નિકાલ કરવો જોઈએ. એટીએમ કે ડેબીટ ક્રેડિટ કાર્ડ મશીનમાંથી તાત્કાલીક કાઢી લઈ લેવા જોઈએ અન્ય કોઈને વાપરવા આપવું ના જોઈએ કે પાસવર્ડની માહિતી આપવી નહિ આ માટે ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ થી ભારતમાં અમલમાં છે .

પ્લાસ્ટીક મનીનો ઉપયોગ દિન પ્રતિદિન વધતો જાય છે કેશલેસ ટ્રાન્ઝેકશનના કારણે ક્રેડીટ ડેબીટ કાર્ડનો વપરાશ વધ્યો છે તેવા સંજોગોમાં ઈ ડેટા હેકર્સ આવા કાર્ડની માહિતી ચોરીને ઈ ચીટરને રોકડના બદલામાં વેચે છે અને ઈ ચીટરો દ્વારા યેનકેન પ્રકારે બેન્ક એકાઉન્ટ હોલ્ડરની માહિતી મેળવી ખાતામાંથી નાણા ઉપાડી જાય છે અથવા તો ઈ ટ્રાન્ઝેકશનથી અન્યના કાર્ડ ઉપરથી ખરીદી કરે છે જેનો ભોગ ગ્રાહકો બને છે હવેની લૂંટ સાયબર લૂંટ જ થવાની તે વાત નક્કી છે.

તાજેતરમાં ઈ ડેટા ચોરી ટેનસમ માલવેરથી બીટકોઈન જેવી કંપીના ડેટા હેક કરવાની ધાક ધમકીથી નાણા પડાવનાર ટોળકી સક્રિય બનેલ છે જેઓ અન્ય દેશમાં કે રાજયમાં બેસી ઓનલાઈન કોલ કરી નાણા પડાવતા હોય તેમને પકડવા પોલીસ માટે આસાન નથી મોટાભાગના

અનુસંધાન પાના નં. ૫ પર

જિંદગીની કેટલીય અમૂલ્ય યાદો આપી છે એવા સંબંધને હાથમાંથી સરી જતો અટકાવીએ

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

સ્ત્રી-પુરુષ વચ્ચેની મિત્રતામાં પણ વહાલની એક ચરમસીમા હોય!
તમે એક ડગલું આગળ વધો તો પ્રેમમાં પડી જવાય !!!
અને... આટલે પહોંચ્યા પછી....
એક ડગલું પણ પાછળ ખસો તો મિત્રતા ખોઈ બેસાય....!
અને થાય છે પણ એવું જ
આપણે સૌથી શ્રેષ્ઠ સંબંધને ગુમાવી દઈએ છીએ
કારણ બસ એ જ કે -
''મિત્રતા એક સ્ત્રી અને પુરુષ વચ્ચેની હોય !!''

વર્ષોથી એક સ્ત્રી અને પુરુષ વચ્ચેની મૈત્રી વિષે ઘણી ચર્ચાઓ થઈ હશે. સમય બદલાયો, યુગ પલટાયો, લોકોનો દૃષ્ટિકોણ બદલાયો, સ્ત્રી-પુરુષ વચ્ચેની મૈત્રીને સમાજ સ્વીકારતો પણ થયો. પણ આ મૈત્રીની મર્યાદા અને ગરિમા અકબંધ જળવાય તે માટે સ્ત્રી અને પુરુષ બંનેએ સજાગ રહેવું પડે છે. જો કોઈ પરણીત પુરુષના સ્ત્રી મિત્ર સાથેના કે પરણીત સ્ત્રીના પુરુષ મિત્ર સાથેના સંબંધથી તેમના અંગત સંબંધમાં શંકા જન્મે તો એકસાથે કેટ-કેટલી જિંદગીને તેની અસર અનુભવાય છે. નાની ઉંમરમાં આ મૈત્રી મોટાભાગે વિજાતીય આકર્ષણના કારણે જ શરૂ થતી હોય છે. પણ સમજણ આવ્યા બાદ કે પરિપકવ થયા બાદ જો એક સમજુ અને મેચ્યોર મિત્રતા બંધાય તો તે આજીવન ટકી રહે છે. બંને પક્ષો પોતપોતાની મર્યાદા જાણતા હોવાથી આ પ્રકારનો સંબંધ કયાં અટકવું તે જાણતો હોય છે. દરેક સંબંધની એક ગરિમા તેમજ મર્યાદા હોય છે. જેને જાળવવી આ પ્રકારના સંબંધમાં વિશેષ જરૂરી છે. આવેશ કે ઉન્માદમાં આવીને જો સંયમ ચૂક્યા તો સૌથી સુંદર મૈત્રી પણ ગુમાવી બેસવાનો વારો આવે છે. આવા સમયે એ મૈત્રી તો ખોઈ જ બેસીએ છીએ પણ મનમાંથી તેની ભાનાશ આજીવન કણસતી યાદ બનીને વસી જાય છે જે વિશેષ કષ્ટદાયક જણાય છે !

''સાંભળ્યું છે બહુ વરસાદ છે તારા શહેરમાં,
બહુ ભીંજાઈશ ના તું વરસાદમાં.
જો ધોવાઈ ગઈ બધી ગેરસમજ,
તો બહુ જ યાદ આવીશ હું તને.''

સ્ત્રી અને પુરુષના સ્વભાવમાં, ઉછેરમાં, રહેણીકરણીમાં દરેકમાં એક તફાવત રહેલો હોય છે. માટે સ્ત્રી અને પુરુષ અમુક બાબતમાં તદ્દન વિપરીત વર્તન કરતા જણાય છે. પણ જયારે બંને વચ્ચે મૈત્રીસંબંધ બંધાય ત્યારે બંને એકબીજાના સારા-નબળા પાસાને સમજતા અને સ્વીકારતા થાય છે. પુરુષનો સ્વભાવ માલિકીભાવ ધરાવનાર છે પરંતુ મૈત્રીપૂર્ણ સંબંધમાં તેને એવો કોઈ બાધ નડતો નથી પણ, મૈત્રીસંબંધથી આગળ વધીને જો સંબંધ પ્રેમમાં પરિણમે તો એ જ પુરુષ અજાણતાં એક પ્રકારનું આધિપત્ય જમાવવા લાગે છે જેના કારણે સંબંધમાં તિરાડ પડી જાય છે અને ત્યારબાદ અચાનક જ જીવનનો સૌથી વધુ અગત્યનો, લાગણીસભર અને હૂંફાળો સંબંધ એક ઝાટકે કપાઈ જાય છે. એક પ્રકારની જિદ્દ, ગુસ્સો, હક આ તમામને લીધે બંને પક્ષ એકબીજા સાથે વાત કરવા કે સમાધાન કરવાના પણ પ્રયત્નો કરી શકતા નથી. અને પરિણામે, સંબંધનો અંત આવે છે. એક સમયે જે સંબંધ વિના જીવન અશક્ય લાગતું હોય તેને જ ભૂલી જઈને વ્યક્તિ આગળ વધી જાય છે. જો કે, મનના છાને ખૂણે બંનેને સંબંધ ગુમાવ્યોનો ખૂબ ઊંડો ખેદ અને રંજ આજીવન રહી જાય છે. મનથી અન્યના ક્ષેમકુશલતાની ચિંતા પણ ઈશ્વર સામે વ્યક્ત થઈ જ જતી હોય છે :

''હે, કૃષ્ણ !
એક વાર,
એની તેજસ્વી આંખોમાં,
ઘણા સપનાં હતા.
સમય સાથે તે ખરતા ગયા
હવે એમાં બચેલા થોડાં સપનાં
તૂ પૂરાં કરજે.
એની ઝાંખી થયેલી આંખો બંધ થઈ જાય,
એના સપનાં કાયમ માટે ખરી પડે તે પહેલાં...''

- સુચિતા કપુર

કોઈ પણ વ્યક્તિ લગ્નજીવન દરમિયાન જાણે-અજાણ્યે અનેક પ્રકારના સમાધાન કરતો રહે છે. મૈત્રી સંબંધમાં આવી કોઈ ફોર્માલિટી કે બાહ્ય આડંભરની જરૂર રહેતી નથી. તેમ છતાં વિજાતીય મૈત્રીના સંબંધમાં એનામાં માફ કરવાની કે ધીરજ રાખવાની વૃત્તિનો સર્દતર અભાવ વર્તાય છે. આ ઉપરાંત, આ મૈત્રી નિખાલસ વાતચીત પૂરતી સીમિત ન રહેતા જયારે મર્યાદા ચૂકીને શરીર, મન અને ત્યારબાદ છેક આત્માને સ્પર્શી જાય ત્યારે ગમે તેટલી પરિપક્વ અને ગાઢ મૈત્રી સાવ સામાન્ય કક્ષાનું વર્તન કરીને સરખામણી કે આક્ષેપ કે એકબીજા પર આરોપ કરવા જેવું તુચ્છ વર્તન કરી બેસે છે. લગ્નના સંબંધમાં બે પરિવાર સંકળાયેલા હોય છે, સામાજિક મૂલ્ય વણાયેલું હોય છે માટે એક જાતનો ભય વ્યક્તિને એ સંબંધનો અંત લાવતાં સતાવે એ સહજ બાબત છે. પણ મૈત્રીના સંબંધમાં કોઈ તકલીફ આવે તો વ્યક્તિ જાહેરમાં તો ઠીક અંગતને પણ તેની પીડા વર્ણવી શકતી નથી. અને પરિણામે, બિલકુલ વાતચીત બંધ કરી દેવાથી ધીરે-ધીરે એક હસતો-ખેલતો, તંદુરસ્ત અને ઉષ્માપૂર્ણ સંબંધ મૃત્યુ પામે છે. બંને પક્ષે ગુમાવ્યાનો ખેદ હોવા છતાં લાચાર બનીને બેસી રહેવા સિવાય વ્યક્તિ પાસે કોઈ જ વિકલ્પ રહેતો નથી. જો સ્ત્રી અને પુરુષ પોતપોતાની મર્યાદામાં રહીને વિજાતીય પાત્ર સાથે મૈત્રી કેળવે તો કદાચ તેમાં ક્ષણિક મતભેદ ઉભા થાય પરંતુ, આજીવન ડંખ્યા કરે તેવો મનભેદ કયારેય ન થાય. બે સ્ત્રી કે બે પુરુષ એકબીજાના ગાઢ મિત્રો હોય તેમાં કયારેય આ પ્રકારની સમસ્યા જોવા મળતી નથી. બે સ્ત્રી કે બે પુરુષ વચ્ચેની ગાઢ મૈત્રી ત્યારે જ જોખમમાં મૂકાઈ જાય છે જયારે બંને સ્ત્રી કોઈ એક પુરુષને પ્રેમ કરવાની ભૂલ કરી બેસે અથવા બે પુરુષ કોઈ એક સ્ત્રીનાં પ્રેમ પડે. તો આવો, જેણે આપણને જિંદગીની કેટલીક અમૂલ્ય યાદો આપી છે એવા સંબંધને હાથમાંથી સરી જતો અટકાવીએ. દરેક સંબંધની ગરિમા જાળવીએ. બંનેમાંથી કોઈને પણ છેતરાયાની લાગણી ન અનુભવાય તેની વિશેષ કાળજી રાખીએ.

Last Seen :
''જેણે યાદ રાખવા ઘણું આપ્યું હોય,
એ વ્યક્તિને ભૂલવું ઘણું મુશ્કેલ છે.''

- nehalgadhavi101@gmail.com

અંગ્રેજોનું શાસન ગયાના સાત દાયકા પછી પણ અંગ્રેજિયતના કટુઅનુભવ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

હૉંશીલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી ૨૦૨૨માં સ્વાતંત્ર્યપ્રાપ્તિના અમૃત-પર્વની ઊજવણી કરવાની તડામાર તૈયારીઓ અત્યારથી આરંભી દીધી છે. વિરોધપક્ષને પણ લાગી રહ્યું છે કે રહ્યાંસહ્યાં રાજ્યોમાં પણ હવે ભાજપની સરકારો સ્થાપિત કર્યા પછી વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં મોદીની વિજયપતાકા લહેરાવવાની છે. ક્યારેક ભાજપના વડપણવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચાનો ઘટક રહેલી નેશનલ કૉન્ફરન્સના શાહજાદા ઓમર અબ્દુલ્લાએ તો ઉત્તર પ્રદેશનો ગઢ ભાજપે

- શાસકોના પગમાં પડતા અધિકારીઓને પ્રજાનાં આવેદનપત્રો સ્વીકારવા ઊભા થવાની પણ તમા નથી
- સેવાના ભેખધારી મનાતા રાજકીય આગેવાનો થકી દેશની લૂંટમાં "કસ્ટોડિયન" અધિકારીઓનો સક્રિય સાથ
- ચારા કૌભાંડમાં સજા પામી ચૂંટણી નહીં લડી શકનારા લાલુના બેઉ શાહજાદા નીતીશ સરકારમાં મંત્રીપદે
- વડા પ્રધાન મોદી વડીલોને ચરણસ્પર્શ કરે છે, પણ અધિકારીઓ તો બ્રાઉન-સાહેબો બની રહેવા માંગે છે

જીત્યો ત્યારે જ કહ્યું હતું કે વિપક્ષો હવે ૨૦૧૯ને ભૂલીને ૨૦૨૪ની ચૂંટણી માટેની તૈયારી કરે. ૧૯૪૭માં મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલની ત્રિપુટીના નેતૃત્વમાં અંગ્રેજોને ભારતમાંથી ઉચાળા ભરાવીને સ્વરાજ તો મેળવ્યું, પણ હજુ આજે ય સુરાજ્યની અપેક્ષા અધૂરી જ રહી છે. કૉંગ્રેસનો ઈતિહાસ આઝાદી માટેની ચળવળનો રહ્યો. આઝાદી પછી અવતરેલા પક્ષ જનસંઘના નવઅવતાર ભારતીય જનતા પક્ષનો આ દાયકો જરૂર જણાય છે, પણ સાપ ગયા અને લીસોટા રહ્યા જેવી અનુભૂતિ હજુ અંગ્રેજો ગયા અને અંગ્રેજિયત મૂકતા ગયાના માહોલમાં થાય છે. ગોરા સાહેબો ગયા અને બ્રાઉન સાહેબો આવ્યા. દેશી શાસકો અને પ્રશાસકોના રાજમાં પ્રજાને હજુ કેવા કડવા અનુભવ થતા રહે છે એ ચોફેર નજર કરતાં સહેજે સમજી શકાય છે.

અંગ્રેજી શાસનની સનદી સેવા ઈન્ડિયન સિવિલ સર્વિસ (આઈસીએસ) અને ઈન્ડિયન પોલીસ (આઈપી)ને સ્થાને સ્વતંત્ર ભારતીયોની આશા-આકાંક્ષાની પૂર્તિ કરવા માટે અખિલ ભારતીય સેવાઓ (આઈએસએ)ની સ્થાપના સરદાર પટેલ થકી થઈ હતી. નવરચિત આઈએએસ અને આઈપીએસ સેવાઓને સરદારે બંધારણીય સુરક્ષા કવચ પૂરું પાડવાની જોગવાઈનો આગ્રહ સેવતાં, એમને દેશનાં હિતોના ખરા અર્થમાં સંરક્ષક (કસ્ટોડિયન) ગણાવ્યા હતા. આઝાદીના સાત દાયકા પછીના સનદી સેવાઓના અનુભવ પર વિહંગાવલોકન કરવામાં આવે તો રાજકીય શાસકો અને સનદી અધિકારીઓના મેળાપીપણાથી પ્રજા તો આઝાદ ભારતમાં પણ અંગ્રેજ શાસનનો જ અનુભવ કરતી જોવા મળે છે. સેવાના ભેખધારી મનાતા રાજકીય આગેવાનો થકી દેશની લૂંટમાં અધિકારીઓ પણ સક્રિય સાથ આપીને સ્વનું પણ કલ્યાણ કરવાનું પસંદ કરી રહ્યા છે. પ્રજાના સેવકોનો આદર્શ આજે વીસારે પડ્યો છે અને પ્રજાના શોષકોમાં એ ફેરવાઈ ગયાનું અનુભવાય છે. રોજેરોજ વાતો આદર્શોની, સુરાજની, કરવામાં આવે છે, પણ વાસ્તવિક ચિત્ર એવું ઊપસે છે કે ઘણા વડીલો આજે પણ કહે છે કે આના કરતાં તો અંગ્રેજોનું રાજ સારું હતું કે ગાયકવાડીમાં સુખ હતું.

થોડાં વર્ષો પહેલાં મુંબઈમાં હિંદુસ્તાની આંદોલનવાળા અમારા વડીલમિત્ર મધુ મહેતાએ લૅફ્ટનન્ટ જનરલ એસ. કે. સિંહાને તેડાવ્યા હતા. ભારતીય લશ્કરમાં સૌથી સીનિયર હોવા છતાં આ મહાપ્રતાપી લશ્કરી અધિકારી તત્કાલીન વડાં પ્રધાન ઈંદિરા ગાંધીના કહ્યાગરા બની રહેવા તૈયાર નહોતા એટલે એમને બદલે જનરલ અરુણકુમાર વૈદ્યને લશ્કરી વડા બનાવાયા હતા. વૈદ્ય પણ મહાપ્રતાપી તો હતા અને સિંહાના અંગત મિત્ર પણ હતા. એટલે મિત્રના હાથ નીચે કામ કરવાને બદલે સ્વમાની સિંહાએ રાજીનામું આપી દીધું હતું. એ પછી સિંહા આસામ અને જમ્મુ-કાશ્મીરના સફળ રાજ્યપાલ રહ્યા અને નેપાળમાં ભારતીય રાજદૂત પણ હતા. લૅફ્ટ. જનરલ સિંહ મુંબઈ આવ્યા ત્યારે એમના વતન-રાજ્ય બિહારમાં લાલુપ્રસાદનો સૂરજ તપતો હતો. લાલુ મુખ્યપ્રધાન હતા. આઈએએસ અને આઈપીએસ અધિકારી લાલુની સિગારેટ સળગાવી દેતા હતા અને મુખ્યપ્રધાનના શૂઝની દોરી બાંધી દેતા હતા. જનરલ સિંહાને આવા વલણ સામે ભયાનક રોષ હતો. લાલુ મૂળે તો જયપ્રકાશ નારાયણના આંદોલનમાંથી પ્રગટેલું નેતૃત્વ, પણ સમયાંતરે ચારા કૌભાંડને નામે જાણીતું થયેલું નામ. આજે લાલુ ચૂંટણી લડવા પર પ્રતિબંધ ધરાવે છે, પણ બિહારની નીતીશકુમાર સરકારમાં એમના બેઉ શાહજાદા પ્રધાન છે. નાનો દીકરો તો પાછો નાયબ મુખ્યપ્રધાન છે. દીકરી મીસા ભારતી સાંસદ છે. લાલુ હાથીએ બેસીને જેલ ગયા હતા ત્યારે એમનાં અંગૂઠાછાપ પત્ની રાબડીદેવી મુખ્યપ્રધાન હતાં.

ગુજરાતના આઈએએસ અધિકારી તો લાલુના અધિકારીઓને પણ પાછળ મૂકે એવા સાબિત થયા. સામાન્ય રીતે સક્ષમ અધિકારી લેખાતા ડી. જી. ઝાલાવાડિયા બઢતી પામીને આઈએએસ થયા હતા. એ અમરેલીના કલેક્ટર હતા ત્યારે જાહેર સમારંભમાં મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને એમણે ચરણસ્પર્શ કર્યો ત્યારે ભારે હોબાળો મચ્યો હતો. મોદીયુગમાં સનદી અધિકારીઓ મુખ્યપ્રધાનના કહ્યાગરા થઈ રહેવાનું પસંદ કરતા હોવાની છાપ હોવા છતાં અમરેલીના આ પટેલ અધિકારીએ મુખ્યપ્રધાનને ચરણસ્પર્શ કરીને કેન્દ્રીય અધિકારીઓ માટેના શિષ્ટાચારનો ભંગ કર્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ (વાઈસ ચાન્સેલર) ડૉ. પરિમલ ત્રિવેદીએ ય જાહેર સમારંભમાં મુખ્યપ્રધાન મોદીને ચરણસ્પર્શ કરીને શિષ્ટાચાર ભંગ કર્યો હતો. શિષ્ટાચારમાં કુલપતિની ઉપર રાજ્યપાલ કુલાધિપતિ (ચાન્સેલર) ગણાય, છતાં ગુજરાતના કુલપતિઓની બેઠકની અધ્યક્ષતા આજે પણ શિક્ષણપ્રધાન કરે, એ સામે ભાગ્યે જ કોઈ વાંધો લે છે. એકવાર કુલપતિઓની બેઠકની અધ્યક્ષતા શિક્ષણ વિભાગના અગ્રસચિવે કરી ત્યારે એની સામે કુલપતિઓની સંયુક્ત પરિષદના અધ્યક્ષ ડૉ. કમલેશ જોશીપુરાએ વાંધો નોંધાવ્યો હતો. ડૉ. જોશીપુરા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ રહ્યા છે. સામાન્ય રીતે અધિકારીઓ કે સરકાર નિયુક્ત રાજકીય કાર્યકરો પોતે જ શિષ્ટાચારનો ભંગ કરે ત્યારે હસવું આવે છે. એકવાર આ લેખકની ઉપસ્થિતિમાં મુખ્યપ્રધાનના નિવાસસ્થાને રાજકોટથી સુરત બદલી